RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

E mail - prdpraval@yahoo.co.uk

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 238 * Date: 20.6.2026,Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-




# મધ્ય પૂર્વમાં વધુ એક મોટી રાહત ! અમેરિકા-કતરની મધ્યસ્થતા બાદ ઈઝરાયલ-હિઝબુલ્લા વચ્ચે યુદ્ધવિરામ




મિડિલ ઈસ્ટમાંથી એક સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચે ફરી એકવાર ભયાનક લડાઈ થયા બાદ હવે બંને પક્ષો સીઝફાયર એટલે કે યુદ્ધવિરામ માટે સંમત થયા છે. રોયટર્સ ન્યૂઝ એજન્સીને એક વરિષ્ઠ અમેરિકી અધિકારીએ આપેલી માહિતી અનુસાર, આ સીઝફાયર શુક્રવારે સ્થાનિક સમય મુજબ બપોરે ૪ વાગ્યાથી અમલમાં આવી ગયું છે.અમેરિકી અધિકારીના જણાવ્યા પ્રમાણે, અમેરિકા અને કતારના મધ્યસ્થોએ ઈરાનની મદદથી આ સીઝફાયર ડીલ તૈયાર કરી છે. આ ડીલ હેઠળ અમેરિકા, ઈરાન અને તેમના સહયોગી દેશોએ જાહેરાત કરવાની રહેશે કે, લેબનોન સહિત તમામ મોરચે સૈન્ય ઓપરેશન્સ તાત્કાલિક અને હંમેશા માટે બંધ કરવામાં આવે. હિઝબુલ્લાહના એક સાંસદે પણ અગાઉ સંકેત આપ્યો હતો કે, જ્યાં સુધી પૂર્ણ યુદ્ધવિરામ લાગુ નહીં થાય ત્યાં સુધી વોશિંગ્ટન સાથે વાતચીત આગળ વધી શકે નહીં.

એક અમેરિકી અધિકારીએ દાવો કર્યો છે કે, ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ લેબનોનમાં સીઝફાયરને રીન્યૂ કરવા માટે ૧૦૦% સંમત છે. જોકે, નેતન્યાહૂની ઓફિસ તરફથી હજુ સુધી આ બાબતની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.યુદ્ધવિરામની જાહેરાત પહેલા લેબનોનમાં રાતભર ભયાનક હિંસા જોવા મળી હતી. ઈઝરાયેલની એરસ્ટ્રાઈકમાં લેબનોનમાં ઓછામાં ઓછા ૧૮ લોકોના મોત થયા હોવાની માહિતી ત્યાંના સ્વાસ્થ્ય મંત્રાલયે આપી છે. બીજી તરફ, દક્ષિણ લેબનોનમાં હિઝબુલ્લાહના હુમલામાં ૪ ઈઝરાયેલી સૈનિકો માર્યા ગયા હતા, જેને અધિકારીઓએ આ જંગનો સૌથી ખતરનાક હુમલો ગણાવ્યો છે.




## રામ મંદિરની સુરક્ષા પાછળ ૧૧ મહિનામાં ૧૦ કરોડના ખર્ચ પછીયે ચોરી, અનેક લોકો શંકાના ઘેરામાં



અયોધ્યાની રામનગરીમાં આ દિવસોમાં શ્રદ્ધા અને સવાલો બંને એકસાથે ચર્ચામાં છે. એક તરફ લાખો શ્રદ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર ભગવાન રામલલાનું ભવ્ય મંદિર છે, તો બીજી તરફ તે જ પરિસરમાં ચાલી રહેલી તપાસે નવી જિજ્ઞાસાઓ જગાવી છે. રામ મંદિરમાં કથિત ચોરી અથવા નાણાકીય અનિયમિતતા મામલે જીૅ (સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ)ની તપાસનો દાયરો હવે ઝડપથી વધી રહ્યો છે, જેમાં સુરક્ષા અને વહીવટી તંત્ર સાથે જોડાયેલા જવાબદાર લોકોની ભૂમિકા પણ ખંગાળવામાં આવી રહી છે. આ તપાસમાં અત્યાર સુધી રમાશંકર યાદવ ઉર્ફે ટિંકુ યાદવનું નામ સૌથી મોટું રહ્યું છે. પરંતુ, હવે તપાસ એજન્સીઓનું ધ્યાન સીસીટીવી (ઝઝ્રફ) અને ટેકનિકલ દેખરેખ સંભાળતા રેડિયો મેન્ટેનન્સ ઓફિસર (ઈર્ઈ) પર કેન્દ્રિત થયું છે. આ અધિકારી છેલ્લા ૧૭ વર્ષથી કોઈ પણ પ્રકારની બદલી વગર આ જ પરિસરમાં તહેનાત છે. જીૅ હવે એ સમજવાનો પ્રયાસ કરી રહી છે કે આટલા લાંબા સમય સુધી એક જ સ્થાને તેમની નિમણૂક પાછળ કયા સંજોગો જવાબદાર હતા. હાલમાં સીસીટીવી કેમેરાની કામગીરી, બેકઅપ સિસ્ટમ, ડેટા પ્રોટેક્શન, ડિજિટલ રેકોર્ડ અને પેન ડ્રાઈવ જેવા તમામ ટેકનિકલ દસ્તાવેજોની ઝીણવટભરી પડતાલ કરવામાં આવી રહી છે.

રામ મંદિર દેશના સૌથી સુરક્ષિત ધાર્મિક સ્થળોમાંનું એક છે, જ્યાં બહુસ્તરીય સુરક્ષા વ્યવસ્થા અને આધુનિક દેખરેખ તંત્ર ઉપલબ્ધ છે. સરકારી આંકડા મુજબ, છેલ્લા ૧૧ મહિનામાં જ મંદિર પરિસરની સુરક્ષા પાછળ આશરે ?૧૦ કરોડનો જંગી ખર્ચ કરવામાં આવ્યો છે. આટલી મજબૂત વ્યવસ્થા અને કરોડોના ખર્ચ છતાં પણ જો દાનપેટી કે ચઢાવામાં ગેરરીતિ થઈ હોય, તો તે કેવી રીતે શક્ય બની? આ સવાલે સુરક્ષા એજન્સીઓની ઉંઘ ઉડાવી દીધી છે. આ ઉપરાંત, મંદિરમાં પ્રવેશ માટે આપવામાં આવતા 'સ્પેશિયલ પાસ'ની વ્યવસ્થા પણ તપાસના દાયરામાં છે કે શું કોઈએ નિયમોમાં ઢીલ આપીને આ વ્યવસ્થાનો દુરુપયોગ કર્યો છે કે નહીં.

તાજેતરમાં સોશિયલ મીડિયા પર દાનની ગણતરીનો એક વીડિયો વાઈરલ થતાં જ ચર્ચાઓ વધુ તેજ બની છે. જોકે, તપાસ અધિકારીઓ આ વીડિયોને અંતિમ સત્ય માનવાને બદલે તેને અન્ય કડીઓ સાથે જોડી રહ્યા છે. જીૅ દ્વારા આ કેસમાં આશરે ૨૦૦ લોકોની પૂછપરછ કરવાનું આયોજન છે, જેમાંથી અત્યાર સુધીમાં ૧૨૫થી વધુ લોકોના નિવેદનો નોંધવામાં આવ્યા છે.

# ૧ ૨મા 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' નિમિત્તે પોલીસ અકાદમી કરાઈ ખાતે પોલીસ કર્મીઓ માટે વિશેષ યોગ શિબિર યોજાઈ



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં સેવા, સુશાસન, વિકાસ અને જનકલ્યાણના ગૌરવશાળી ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે તેમજ ૧૨મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ – ૨૦૨૬ની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર સ્થિત ગુજરાત પોલીસ અકાદમી, કરાઈ ખાતે પોલીસ અધિકારીઓ અને પોલીસ જવાનો માટે વિશેષ યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું

યોગથી સશક્ત પોલીસ દળ, સુરક્ષિત સમાજ અને વિકસિત રાષ્ટ્રનું નિર્માણ શક્ય બનશે.રાષ્ટ્રની સુરક્ષા, કાયદો અને વ્યવસ્થાની જાળવણી તેમજ જનસેવામાં દિવસ-રાત કાર્યરત પોલીસ દળ આપણા સમાજની મજબૂત આધારશિલા છે. પોલીસ કર્મચારીઓ સતત પડકારજનક પરિસ્થિતિઓમાં ફરજ બજાવતા હોવાથી તેમના શારીરિક સ્વાસ્થ્ય, માનસિક સંતુલન, તણાવ નિયંત્રણ અને કાર્યક્ષમતામાં વધારો થાય તે હેતુસર આ વિશેષ યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્ષની આંતરરાષ્ટ્રીય યોગ દિવસની થીમ "ઈપ્નક્ર કર્િ ઊૅીક્ષ્ક્ષ્રઅ છષ્નીહપ્ન" ને અનુરૂપ યોજાયેલ આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પોલીસ અધિકારીઓ અને જવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ યોગમય અને સ્વસ્થ જીવનશૈલી અપનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન યોગાસન, પ્રાણાયામ અને ધ્યાનના અભ્યાસ દ્વારા યોગના વૈજ્ઞાનિક અને વ્યવહારુ લાભો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં ગુજરાત પોલીસ અકાદમી, કરાઈના પ્રાચાર્યશ્રી ડૉ. લીના પાટીલે જણાવ્યું હતું કે, નિયમિત યોગાભ્યાસ પોલીસ દળને શારીરિક રીતે વધુ સશક્ત, માનસિક રીતે વધુ સતર્ક અને ભાવનાત્મક રીતે વધુ સંતુલિત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ઉપસ્થિત અધિકારીઓએ પોલીસ કર્મચારીઓને યોગને દૈનિક જીવનનો અભિન્ન ભાગ બનાવવા અને તંદુરસ્ત જીવનશૈલી અપનાવવા પ્રેરિત કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત જવાનોમાં વિશેષ ઉત્સાહ અને સકારાત્મક ઊર્જાનો માહોલ જોવા મળ્યો હતો.ડીવાયએસપી શ્રી એન. પી. પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

નોંધનીય છે કે,ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા રાજ્યભરમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ – ૨૦૨૬ અંતર્ગત વિવિધ ક્ષેત્રો અને સંસ્થાઓમાં યોગ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આવા કાર્યક્રમો દ્વારા વધુમાં વધુ લોકોને યોગ સાથે જોડીને "સ્વસ્થ ગુજરાત – મેદસ્વિતા મુક્ત ગુજરાત"ના સંકલ્પને સાકાર કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.



ડાકોરમાં સંત વિજયદાસજી સેવાશ્રમ ટ્રસ્ટ દ્વારા ૧૦૦૦ જેટલા માતા પિતા વિહોણા,દિવ્યાંગો અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ચોપડા વિતરણ કરવામાં આવ્યું સાથે રસ પુરીનું ભોજન પણ આપવામાં આવ્યું.પૂજ્ય વિજયદાસજી મહારાજના સાનિધ્યમાં કાર્યક્રમ યોજાયો.જેમાં ધારાસભ્યશ્રી યોગેન્દ્રસિંહ પરમાર,ખેડા જિલ્લા ભાજપ પ્રમુખ નયનાબેન પટેલ,દાતાશ્રી પ્રબોધભાઈ મહેતા,ગિરીશભાઈ બુસા,ભાવેશભાઈ પટેલ,દેવાંગભાઈ ઉપાધ્યાય,જિલ્લાના શિક્ષણાધિકારીઓ,વગેરે અનેક નામી અનામી મહાનુભાવો અને દાતશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમનું સંચાલન દીપકભાઈ ઉપાધ્યાય અને જનસેવાના સભ્યોએ કર્યું હતું.

# પરમ પૂજ્ય આચાર્ય ભગવંતોના મંગલ પગલાંથી આસ્થા સંસ્થા ધન્ય બની...

અહિંસા, સંયમ અને કરુણાના પથદર્શક પરમ પૂજ્ય જૈન મુનિરાજશ્રી રામ સૂરી સમુદાયના પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય મનમોહન સૂરીશ્વરજી મહારાજ ના શિષ્ય પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય હેમપ્રભ સૂરીશ્વરજી મહારાજા આદિ શ્રમણ ભગવંતોએ આજરોજ સંસ્થામા મંગલ પગલાં પાડયા હતા.. આ મુલાકાત દરમિયાન પૂજ્ય સાહેબશ્રીઓએ સંસ્થાના તમામ વિભાગો અને સેવાકીય પ્રવૃત્તિઓ વિશે વિગતવાર માહિતી મેળવી... સંસ્થાના રસોઈ વિભાગની શુદ્ધતા અને સમગ્ર બિલ્ડિંગની ઉત્કૃષ્ટ સ્વચ્છતા જોઈને તેઓશ્રીએ મન મૂકીને સંસ્થાના કાર્યોને બિરદાવ્યા હતા.



પૂજ્ય ગુરુદેવોએ સંસ્થાના ટ્રસ્ટીગણ, સ્ટાફ મિત્રો અને વહાલાં બાળકોના મંગલ કલ્યાણ માટે પોતાના પરમ આશીર્વાદ અને મંગલપાઠ પાઠવ્યા હતા.

અત્રે એ ઉલ્લેખનીય છે કે આસ્થા સ્નેહનું ઘર મનો દિવ્યાંગ બાળકોની સંસ્થામાં હાલ ૪૨ બાળકો કેળવણી મેળવી રહ્યા છે આ બિલ્ડિંગના ઉપરના માળના બાંધકામનું તમામ દાન પૂજ્ય સાહેબશ્રીની પરમ પ્રેરણાથી જ પ્રાપ્ત થયું છે. સંસ્થાના વિકાસમાં તેમનો આ સહયોગ અમૂલ્ય છે.

સંસ્થા દ્વારા આગામી સમયમાં બાજુમાં જ એક આધુનિક ×થેરાપી સેન્ટર× બનાવવાનું આયોજન છે. પૂજ્ય આચાર્ય ભગવંતોએ આ નૂતન સંકલ્પને પણ સહર્ષ વધાવીને પ્રોજેક્ટની સફળતા માટે અંતરપૂર્વકની શુભેચ્છાઓ પાઠવી હતી.

પૂજ્ય મહારાજશ્રીઓની આ મુલાકાતથી સંસ્થાને એક નવી ઉર્જા અને સેવાનો ઉત્સાહ સંચરી ગયો છે.

# ભવન્સ કોલેજ, ડાકોર સંસ્કૃત વિભાગના ૭ વિદ્યાર્થીઓનો યુનિવર્સિટીની ટોપર્સની યાદીમાં સમાવેશ

ભારતીય વિદ્યાભવન ડાકોર, કેન્દ્ર સંચાલિત ભવન્સ કોલેજના સંસ્કૃત વિષયમાં ઉચ્ચ પરિણામ મેળવીને કોલેજનું ગૌરવ વધાર્યુ છે. બી.એ.. (સંસ્કૃત) સેમ-૬ ની ×સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા માર્ચ ૨૦૨૬ માં લેવાયેલ પરીક્ષામાં ભવન્સ કોલેજ' ડાકોરના સંસ્કૃત વિષયના પંકજ પરમાર અને કિન્તલબેન પરમાર ૮.૦૩ સી.જી. પી. એ. પોઇન્ટ સાથે સરદાર પટેલ યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમે આવીને સંસ્થાનું ગૌરવ વધાર્યુ છે. સાથે સાથે અને નીલમ પરમાર ૭.૬૭૯ પોઈન્ટ સાથે દ્વિતીય, અને રંજનબેન પરમાર ૭.૮૯ પોઈન્ટ સાથે ચોથા ક્રમે, ક્રિષ્ના રાજપૂત ૭.૭૭ સાથે છઠા ક્રમે તથા રાણા ૭.૭૬ પોઈન્ટ સાથે સાતમા ક્રમે યુનિવર્સિટીમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. કોલેજના કા.આચાર્ય ડૉ. એસ. એ. ગાંધી , સંચાલક મંડળના ચેરમેનશ્રી , માનદ મંત્રીશ્રી તથા હોદ્દેદારશ્રીઓ, આર્ટસ્ વિભાગનાં કૉ-ઓર્ડીનેટર ડૉ.એ. કે. ચૌધરી, તેમજ સંસ્કૃત વિભાગનાં અધ્યક્ષ ડૉ.વી.જી.પટેલ તથા પરિવારના સૌ કર્મચારીઓએ અભિનંદન પાઠવીને શુભેચ્છાઓ આપી છે.

# સંસ્થાન હાઈસ્કૂલ, ડાકોરમાં લાયન્સ ક્લબ ઓફ ડાકોર પિલગ્રિમ દ્વારા કેન્સર જાગૃતિ કાર્યક્રમ યોજાયો



ગુજરાત કેન્સર સંશોધન સંસ્થા,કેન્સર હોસ્પિટલ અમદાવાદ અને લાયન્સ ક્લબ ઓફ ડાકોર પિલગ્રિમ ના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ કેન્સર જાગૃતિ અભિયાન અંતર્ગત ડાકોરની સંસ્થાન હાઈસ્કૂલમાં પ્રો.ડૉ મોહિત સરે કેન્સર રોગથી વ્યક્તિ તથા પરિવારની થતી ભયંકર બેહાલી, પીડા રોકવા અને બાળ- યુવા અવસ્થા માં આ રોગના ભોગ ન બની જવાય તે સંદર્ભે ઓડિયો વિડિઓ માધ્યમથી અને પ્રભાવી વક્તવ્ય દ્વારા આપી હતી.

આ પ્રસંગે અમૂલ ડેરીના વાઈસ ચેરમેન લા. વિજયભાઈ પટેલ, શ્રી રણછોડરાય એજ્યુકેશન સોસાયટી ના મંત્રી પ્રો. આઈ. કે. પાઠક, સહમંત્રી ડૉ. રાજેશ અગ્રવાલ, ક્લબના પ્રમુખશ્રી ડૉ. યોગેશ પી. દવે એ હાજર રહી કાર્યક્રમને દીપાવ્યો હતો.

સૌ વિદ્યાર્થીઓને કેન્સર રોગ ન થાય તે માટે જરૂરી સાહિત્યનુ વિતરણ તેમજ વ્યસન ન કરવાની સૌ વિદ્યાર્થીઓને પ્રતિજ્ઞા પ્રો. ડૉ.મોહિત મકવાણા સર દ્વારા લેવડાવી હતી.

પ્રારંભમાં હાઈસ્કૂલ ના પ્રિ. મિત્તલભાઈ પ્રજાપતિએ સ્વાગત પ્રવચન અને આભારદર્શન ક્લબના સેક્રેટરી જયદીપસિંહ ડાભીએ કર્યું હતું. કાર્યક્રમનું સફળ સંચાલન શિક્ષકશ્રી જતીનભાઈ રાવલે કર્યું હતું.

# શ્રીમંત ફતેસિંહરાવ લાઈબ્રેરીમાં ડો. વી.એમ .શાહ તરફથી ૧૦૦ ખુરશીઓ ભેટ આપવામાં આવી

પાટણના ઐતિહાસિક ૧૩૫ વર્ષથી સતત કાર્યરત એવા શ્રીમંત ફતેસિંહરાવ સાર્વજનિક પુસ્તકાલયમાં વિવિધ કાર્યક્રમો માટે પાટણના અને બહારગામથી લાઈબ્રેરીના સ્નેહીજનો દ્વારા સતત દાન- ભેટ નો પ્રવાહ વહી રહ્યો છે .શ્રીમંત ફતેસિંહરાવ લાઈબ્રેરીમાં વાંચન વિભાગ, મને જાણો કાર્યક્રમ , બ્યુટી પાર્લરના વર્ગો , સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગો , કોમ્પ્યુટર ના વર્ગો અને અન્ય કાર્યક્રમો સતત પાટણના નગરજનોના લાભાર્થે કરવામાં આવી રહ્યા છે .આ કાર્યક્રમમાં પાટણના વિદ્યાર્થીઓ ,બહેનો તથા સિનિયર સિટીઝન મોટી સંખ્યામાં લાભ લઈ રહ્યા છે .આ લાભાર્થીઓને બેસવાની આરામદાયક ખુરશીઓની અને એ.સી ની જરૂરિયાત હતી ,જે પ્રમુખશ્રી ડો. શૈલેષ બી સોમપુરા દ્વારા લાઇબ્રેરીના દાનવીર દાતાશ્રી અને પાટણના પ્રખ્યાત ગાયનેકોલોજીસ્ટ ડોક્ટર વી.એમ. શાહસાહેબને વાત કરતા તેઓએ તરત જ ૧૦૦ નંગ આરામદાયક ખુરશીઓ લાઈબ્રેરીને ભેટ આપી છે. આ ખુરશીઓ લાઈબ્રેરીના વાચકો ,શ્રોતાઓ તથા વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ બની રહેશે .આ ઉપરાંત રવિવારે લાઈબ્રેરીના પરમ સ્નેહી અને કાયમી દાતા શ્રી ભરતભાઈ શાહ તરફથી મિતસુબીસી કંપનીનું બે ટન નું એ.સી .સપ્રેમ ભેટ આપવામાં આવ્યું છે તે અત્યારે લાઈબ્રેરી ના રચના હૉલ મા એડવાન્સ બ્યુટી પાર્લર ક્લાસમા ફીટ કરવામાં આવ્યું છે.આ ગરમી અને બફારા ના વાતાવરણમાં આ એ.સી. બહેનો માટે અને બ્યુટી પાર્લર કૉર્સ માટે આશીર્વાદરૂપ બની રહ્યું છે.

# એકસરખા રોડ કામમાં ભાવફેર સામે સુરત પાલિકાની સ્થાયી સમિતિ કડક

સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિમાં જાહેર કામોના ટેન્ડરની ચકાસણી હવે વધુ કડક બની રહી છે. એક સરખા પ્રકારના રોડ કામ માટે અલગ-અલગ ઝોનમાં નોંધાયેલા ભાવફેર સામે શાસકોએ સખત વલણ અપનાવતા એક ગામમાં ઈજારદાર પાસેથી વધુ ભાવ ઘટાડાવ્યા હતા, જ્યારે અન્ય એક કામની ફાઇલ સ્પષ્ટતા માટે પરત મોકલી હતી. સ્થાયી સમિતિના આ નિર્ણયથી પાલિકાને ૨૦.૫૦ લાખની બચત થઈ હોવાનું સ્થાયી સમિતિએ જણાવ્યું હતું. સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિમાં છેલ્લા કેટલાક સમયથી જાહેર કામોના ટેન્ડરોમાં ભાવ અને શરતોની ચકાસણી કરવામાં આવી રહી છે. ગુરુવારે મળેલી બેઠકમાં પણ રોડકામના બે અલગ-અલગ ટેન્ડરોમાં જોવા મળેલા ભાવફેર મુદ્દે સ્થાયી સમિતિએ કડક વલણ અપનાવ્યું હતું. રાંદેર ઝોન વિસ્તારમાં ટી.પી. રસ્તાઓને સબ ગ્રેડથી ટોપ વેરીંગ લેયર સુધી ટ્રેન્ચ લાઇન રી ઈન્સ્ટ્રેટ કરવા, ફૂટપાથ, વોટર ટેબલ, ડિવાઇડર, પેવમેન્ટ માર્કિંગ તેમજ રોડ સાજીસ લગાવવાની કામગીરી માટેની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. અંદાજે રૂ.૧૨.૦૭ કરોડના આ કામ માટે ચાર ઈજારદારોએ ટેન્ડર ભર્યા હતા. જેમાં સૌથી નીચો ભાવ ભરનાર ઈજારદાર સુનિલ દોમડીયાએ અંદાજિત કિંમત કરતાં ૫.૩૦ ટકા નીચા ભાવે એટલે કે ૧૧.૪૩ કરોડમાં કામ કરવાની તૈયારી દર્શાવી હતી. જોકે, સ્થાયી સમિતિની ચર્ચા દરમિયાન સરથાણા ઝોનમાં સમાન પ્રકારના રોડ કામ માટે ૮.૨૧ ટકા નીચો ભાવ મળ્યો હોવાની વિગતો સમક્ષ આવતા ચેરમેન રાજન પટેલે આ ભાવ ફેર અંગે સવાલ ઉઠાવ્યા હતા. એકસરખા પ્રકારના કામમાં આટલો તફાવત કેમ તે અંગે ચર્ચા બાદ ઈજારદારને વધુ વાજબી ભાવ આપવા સૂચન કરાયું હતું.

# ધાનેરા નગરપાલિકા દ્વારા યોજાયેલ જન કલ્યાણ શિબિર મો મોટી સંખ્યામાં લોકો રહ્યા હાજર



ધાનેરા નગરપાલિકા દ્વારા યોજાયેલ જન કલ્યાણ શિબિરમાં બોળી સંખ્યામાં લોકો હાજર રહી વિવિધ યોજના ના લાભ લીધા હતા સવારથી જ લોકોની ભારે ભીડ જોવા મળી રહી હતી ધાનેરા નગરપાલિકાના કર્મચારીઓની મહેનતથી આ યોજના ના લાભ લોકો સુધી કઈ રીતે પહોંચે અને લોકોને સીધો લાભ કઈ રીતે મળે એ માટે નગરપાલિકાના ચીફ ઓફિસર દ્વારા નગરના દરેક જગ્યાએ માઈક સાથે રિક્ષા પણ ફેરવવામાં આવી હતી કર્મચારીઓ આખો દિવસ ખડા પગે ઉભા રહી લોકોને વધુમાં વધુ જાણકારી મળે એ માટે મહેનત કરી રહ્યા હતા આ કાર્યક્રમમાં ચૂંટાયેલા દરેક સભ્ય ભાજપના આગેવાનો નગરપાલિકાના કર્મચારીઓ અને ગામના લોકો હાજર રહ્યા હતા સરકાર દ્વારા આ યોજના અને નગરપાલિકાની મહેનતની લોકો વખાણ કરી રહ્યા હતા કે લોકોને સરકારી લાભ કઈ રીતે મળે અને વધુમાં વધુ લોકો લાભ લે એ હેતુથી જન કલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું

# અમેરિકા-ઈરાન યુદ્ધવિરામ સમજૂતીઃ વૈશ્વિક શાંતિ દિશામાં મહત્વનું પગલું!(સંત સુરા)

૧૪ જૂન ૨૦૨૬ના રોજ અમેરિકા અને ઈરાન વચ્ચે ૩ મહિનાથી ચાલતા લશ્કરી સંઘર્ષને અટકાવવા ૧૪-સૂત્રી મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડિંગ પર સહમતી સધાઈ. પાકિસ્તાનની મધ્યસ્થીમાં થયેલી આ સમજૂતી ૧૯ જૂન ૨૦૨૬ના રોજ સ્વિટ્ઝર્લેન્ડના જિનેવામાં ઔપચારિક રીતે સહી થશે.

૧. તાત્કાલિક અને કાયમી યુદ્ધવિરામ

સમજૂતીનો મુખ્ય મુદ્દો તમામ મોરચે તાત્કાલિક અને કાયમી લશ્કરી કાર્યવાહી બંધ કરવાનો છે. લેબનાન સહિત સંઘર્ષના તમામ વિસ્તારોમાં ગોળીબાર અને હવાઈ હુમલા તરત અટકશે.

૨. હોર્મુઝ સામુદ્રધુનીનું પુનઃખોલાણ

વૈશ્વિક તેલ વેપાર માટે અત્યંત મહત્વની હોર્મુઝ સામુદ્રધુની ૩૦ દિવસની અંદર સંપૂર્ણપણે ખુલશે. અમેરિકાએ તેને "ટોલ ફ્રી" જાહેર કરી છે. સુરક્ષાની જવાબદારી ઈરાન અને ઓમાનની સંયુક્ત ટીમ સંભાળશે.

૩. નૌકાદળની નાકાબંધી હટાવવી

અમેરિકાએ ઈરાની બંદરો પર લાદેલી નૌકાદળની નાકાબંધી ૩૦ દિવસમાં હટાવવાની બાંહેધરી આપી છે. આનાથી ઈરાનમાં દવાઓ, ખોરાક અને આવશ્યક ચીજવસ્તુઓની આયાત સરળ બનશે.

૪. પરમાણુ કાર્યક્રમ પર વચગાળાની સમજૂતી

ઈરાન આગામી ૬૦ દિવસ સુધી યુરેનિયમ સંવર્ધન સ્થગિત રાખશે. આ સમયગાળામાઁ છઈછની દેખરેખ હેઠળ પરમાણુ કાર્યક્રમ અને અત્યંત સમૃદ્ધ યુરેનિયમના નિકાલ અંગે વાટાઘાટ થશે. ઈરાને પરમાણુ હથિયાર ન બનાવવાની પ્રતિબદ્ધતા પુનઃદોહરાવી છે.

૫. આર્થિક પ્રતિબંધોમાં રાહત

અમેરિકા ઈરાની તેલ અને ઊર્જા ઉત્પાદનો પરના પ્રતિબંધો હળવા કરશે. ઈરાનની આશરે ૩૦૦ અબજ ડોલરની સ્થિર કરેલી વિદેશી સંપત્તિ તબક્કાવાર મુક્ત કરવામાં આવશે. આ નાણાનો ઉપયોગ યુદ્ધથી પ્રભાવિત વિસ્તારોના પુનઃનિર્માણ માટે થશે.

૬. અમેરિકી સૈન્યની પીછેહઠ

સમજૂતી મુજબ ઈરાનની આસપાસના પ્રદેશોમાંથી અમેરિકી સૈન્ય ૧૨૦ દિવસની અંદર તબક્કાવાર પીછેહઠ કરશે. આ ઈરાનની મુખ્ય માંગ હતી.

૭. લેબનાનમાં યુદ્ધવિરામ

ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચેના સંઘર્ષમાં પણ યુદ્ધવિરામ લાગુ પડશે. આનાથી ૧૨ લાખ વિસ્થાપિત લોકોને રાહત મળશે.

૮. કેદીઓની અદલાબદલી

માનવતાના ધોરણે બંને દેશ એકબીજાના કેદીઓને મુક્ત કરશે. આ પ્રક્રિયા રેડ ક્રોસની દેખરેખ હેઠળ થશે.

૯. પુનઃનિર્માણ ભંડોળ

અમેરિકા, સાઉદી અરેબિયા અનેઁ છઈ મળીને ઈરાનના પુનઃનિર્માણ માટે ઓછામાં ઓછા ૩૦૦ અબજ ડોલરનું ભંડોળ પૂરું પાડશે.

૧૦. સંયુક્ત દરિયાઈ સુરક્ષા તંત્ર

હોર્મુઝ સામુદ્રધુની સુરક્ષા માટે ઈરાન, ઓમાન અનેઁ છઈનું સંયુક્ત દરિયાઈ સુરક્ષા તંત્ર બનાવવામાં આવશે.

૧૧. આતંકવાદ વિરોધી સહયોગ

બંને દેશૈં જૈંજી, અલ-કાયદા જેવા આંતરાષ્ટ્રીય આતંકી સંગઠનો સામે માહિતી અને ગુપ્ત માહિતીની આપ-લે માટે સહમત થયા છે.

૧૨. રાજદ્વારી સંબંધોની પુનઃસ્થાપના

આગામી ૬૦ દિવસમાં બંને દેશ એકબીજાના દેશમાં દૂતાવાસ અને વાણિજ્ય દૂતાવાસ ફરી શરૂ કરશે. સીધા સંવાદ માટે હોટલાઈન પણ સ્થાપિત થશે.

૧૩. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનો ઠરાવ

આ સમગ્ર સમજૂતીને કાયદેસરનું સ્વરૂપ આપવા માટે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ઠરાવ પસાર કરવામાં આવશે.

૧૪. પાંચ વર્ષીય સમીક્ષા કલમ

સમજૂતીમાં દર પાંચ વર્ષે સમીક્ષાની કલમ રાખવામાં આવી છે. કોઈપણ વિવાદ વાટાઘાટથી ઉકેલવામાં આવશે.

ભારત પર અસર

હોર્મુઝ ખુલવાથી ભારતને સસ્તા દરે કાચું તેલ મળશે. ચાબહાર બંદર પ્રોજેક્ટને નવી ગતિ મળશે અને ભારત-ઈરાન વેપારમાં વધારો થશે.

એ વાસ્તે પણ આ સમજૂતી સાબિત કરે છે કે કોઈપણ જટિલ આંતરાષ્ટ્રીય સંઘર્ષનો ઉકેલ યુદ્ધમાં નથી, પરંતુ સંવાદ અને સમાધાનમાં છે. વૈશ્વિક શાંતિ માટે આ એક ઐતિહાસિક પગલું છે! ૐ શાંતિ! મન શાંતિ! વિશ્વ શાંતિ!

લેખકઃસુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)સુરત




## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO - 162**
વિષય- સર્જકની મનગમતી રચના
શીર્ષક- ગાય ગામડુંને ખેતી
પ્રકાર- ગધ , શબ્દો- ૧૦૦

ગુજરાતનું સાહિત્ય કેટલું ઉંડુ છે કે
આ માં ખાલી બે શબ્દો મા આખે આખુ વાવેતર દર્શાવી દીધું
એ ભાઈ ઘંઉ ઘાંટા તલ પારવા ચણા ડેડક ફેંક ક્રમે વાવે કપાસીયા ને
શેરડી ખૂંદે ખેત
કે ભાઈ જે ઘઉં છે એ તમારે ઘાટા વાવવાના અને એને ગમે એમ વાવો તો પણ ચાલે
તલ પારવા એટલે થોડા થોડા અંતરે વાવો ઘઉં જેમ ઘાટા નહિ વાવો નહીંતર હારા નહી થાય
અને એની પછી કીધું કે
ચણા ડેડકફેક એટલે કે ડેડકો જેટલી ઠેક મારે એક એક બબે બબે વચેની એની ઠેક હોય એટલા અંતરે તમે ચણા વાવો કમેઁ વાવે કપાસીયા એટલે માણસ પગલું ભરે એટલા અંતરે કપાસીયા વાવો પછી શેરડી ખુંદે ખેત એટલે ખેતર ને ભીનું કરી દેવા નુ પછી શેરડી ના સાંઠાને એ જમીન માં ખોસી દેવા ના
આવી રીતે ગોડી દેવાના
અને એ જ તો છે આ સાહિત્ય
કે પ્રભુ ક્યાં છે તો આ છે અહિયા ખેતરના કણકણમાં અને ગાયના રગરગમાં અને ગામડાના એક એક દ્રશ્ય મા છે એટલે કહે કે ભાઈ
ગાય ગામડાને ખેતી
અને અહીંયા જ પ્રભુ બિરાજે છે..!

-રેખા રસિક નાકરાણી (મુંબઈ )

★★★★★★
**NOG NO.0059**
વિષયઃમન ગમતી રચના
શિર્ષક; જોડી આપણો
જામી ગઈ

તૂં મારી મન ગમતી ને હું છું તારો મન ગમતો ને જોડી આપણી જામી ગઈ

તું છે કાગળ ને હું છુ સુંદૅર પેન ને જોડી આપણી જામી ગઈ

તું સાહિત્યની વનિતા ને હું છું તારો ઊપાસક જોડી આપણી જામી ગઈ

ખળ ખળ વહેતી તું સરિતા ને હું રચું છું કવિતા જોડી આપણી જામી ગઈ

તું સ્વપ્ન સુંદરી ને હું તારો આશિક
પ્યારે જોડી આપણી જામી ગઈ

આપણા સૂજ્ઞ લેખકો વાંચકો ની વ્હાલા
પ્યારે' જોડી આપણી એક જામી ગઈ

જયકાન્ત ઘેલાણી
પ્યારે'.

★★★★★★★
**NOG SS NO :182**
વિષયઃ સર્જકની મનગમતી રચના
શીર્ષકઃ નભ
પ્રકારઃપદ્ય શબ્દોઃ ૫૧

હાઈકુ

નભે વિમાન ;
નાનું પંખી પિંજરે,
પાંખો ફેલાવે.

નભમાં સૂકી
વાદલડી; ચકલી
ધૂળમાં ન્હાય.

નભે પતંગ
સ્થિર હવામાં; પંખી
ઘાયલ ભોમે.

ઈશ્વરી ડૉક્ટર "ઈશ" (અમદાવાદ )

★★★★★★
**N. O. G .S. S. No 0102.**
વિષય :-મનપસંદ રચના.
શીર્ષકઃ- દ્વારકા ગુગળી જ્ઞાતિ.
પ્રકાર :-ગદ્ય. શબ્દઃ-૩૦૯.

દ્વારકા જગત મંદિરમાં ભગવાન દ્વારકાધીશ બિરાજમાન છે. એમાં દ્વારકામાં રહેતા ગુગળી જ્ઞાતિની આજે આપને વાત કરું છું.

ભગવાન શ્રીકૃષ્ણે જ્યારે દ્વારકામાં વસવાટ કર્યો ત્યારે દ્વારકાની ભૂમિને શુદ્ધ કરવા માટે સુમેરુ પર્વત ઉપર રહેતા ૫૦૫ જેટલા બ્રાહ્મણોને ગરુડ ઉપર બેસાડી શ્રી કૃષ્ણ ભગવાન તેઓને દ્વારકામાં લઇ આવ્યા. આ બ્રાહ્મણોએ ભેગા મળી ધાર્મિક વિધિ કરી અને ત્યાં ઉગતા ગૂગળનો ધૂપ કરી અને આખી ભૂમિને પવિત્ર કરી તેથી આ બ્રાહ્મણોને ગુગળી બ્રાહ્મણને નામે ઓળખવામાં આવે છે.

દુનિયામાં કુલ લગભગ વિસેક હજાર જેટલા ગુગળી બ્રાહ્મણોની સંખ્યા છે, પરંતુ સૌથી મોટી ૪૦૦૦ની સંખ્યા દ્વારકામાં છે.

દ્વારકા ગુગલી જ્ઞાતિની દર પાંચ વર્ષે ચૂંટણી કરવામાં આવે છે દ્વારકામાં ૧૪ જેટલા ગુગળી કુટુંબો છે અને તે કુટુંબોમાં સંખ્યા પ્રમાણે જ્ઞાતિના પ્રતિનિધિત્વ ધારણ કરે છે. પાંચ વર્ષ સુધી સુંદર રીતે વહીવટ ચલ આવે છે.

દ્વારકા ગુગલી જ્ઞાતિ દ્વારા અનેક પ્રકારના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે

૧. ચૌલ સંસ્કાર ,યજ્ઞો પવિત અને લગ્ન મફત કરી દેવામાં આવે છે. આ કાર્યક્રમ પાંચ દિવસ સુધી ચાલે છે.
૨. ભારતમાં જુદા જુદા સ્થળે જ્ઞાતિજનોને પ્રવાસમાં લઈ જવામાં આવે છે.
૩. વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાયતા આપવામાં આવે છે.
૪. વૃદ્ધ લોકો ,ગંગા સ્વરૂપ બહેનો તેમજ અપંગોને દર મહિને નિશ્ચિત રકમ જ્ઞાતિ તરફથી આપવામાં આવે છે.
૫. દરરોજનીદ ધ્વજા દ્વારકાધીશ મંદિર ઉપર આરોહિત કરવામાં આવે છે તેને લગતા અનાજ દક્ષિણા તેમજ ભોજન ની વ્યવસ્થા કરવામાં આવે છે.
૬. જ્ઞાતિજનોના આરોગ્ય માટે દવાખાનુ મફત છે.
૭. સમયે સમયે જ્ઞાતિજનોના ઘરમાં ઉપયોગમાં આવે તેવી કીટનું વિતરણ કરવામાં આવે છે.
૮. જ્ઞાતિ દ્વારા દર વર્ષે મસાલા આપવામાં આવે છે.
૯. દર દિવાળીએ તેમજ હોળીના દિવસો દરમિયાન ઘરમાં ઉપયોગમાં આવે તેવી વસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે.
૧૦. જ્ઞાતિમા કોઈ ના ઘરે મૃત્યુ થાય ત્યારે તેને તાત્કાલિક ચોક્કસ રકમની સહાયતા આપવામાં આવે છે અને અન્ય જરૂરિયાતની વસ્તુઓ જ્ઞાતિ તરફથી પહોંચાડવામાં આવે છે.
૧૧. બળેવ પુનમ ,નવરાત્રી તેમજ બીજા અન્ય ધાર્મિક ઉત્સવો જ્ઞાતિ તરફથી ઉજવવામાં આવે છે.
૧૨. દર વર્ષે મહિલા મંડળ દ્વારા પણ પ્રવાસો જુદીજુદીહરીફાઈઓધાર્મિકોત્સવ જ્ઞાતિમાં ઉજવવામાં આવે છે.

રતીલાલ વાયડા(રોડાપાલી ,નવી મુંબઈ.)

★★★★★★
**NOG SSN 0089**
વિષય મન પસંદ રચના
શીર્ષક આ જીવન
ગદ્ય શબ્દો ૩૨૦

જીવનમાં સઘળું અનહદ પામી છું. બાળપણ સુંદર સંસ્કાર સાથે પસાર કર્યું. શાળાના
વર્ષો તો યાદગાર બની ગયા હતા. કોલેજમાં મન મૂકીને જલસા કર્યા. એક અફસોસ
હતો. કહું તો, હસવું રોકી રાખો.

આ પૃથ્વી પર જન્મ લેતા પહેલાં તેની તૈયારી ધૂમધામ ચાલતી હતી. કહે છે કે માતાના
ગર્ભમાં જીવ ને દુઃખ પડે છે, એવું કશું યાદ નથી માતા પ્રેમથી જન્મ આપી રાજી થઈ..
હવે જીવ ૯ મહિના ગર્ભમાં હોય તો બધી કળા, બુધ્ધિ, તબિયત, ઉંચાઈ પહોળાઈ
ભગવાન પાસેથી મેળવવું પડે. ભગવાન જ્યારે વિતરણ કરતો હોય ત્યારે હાથમાં કટોરો
પકડવાનો હોય ! તબિયત સારી અને તંદુરસ્ત સાંપડી. બુદ્ધિમાં ખાસ વાંધો ન આવ્યો.
દેખાય સાદી પણ આકર્ષક. કોઈ ફરિયાદ ન હતી. નાક નકશો મુખને અનુરૂપ પામી.
હવે જ્યારે ઊંચાઈ કેટલી પામીશ એના માટે ઉત્સુક હતી. થયું શું ઉતાવળમાં કટોરામાં
કાણા પડી ગયા હતા તે જણાયા નહી. દર વખતની જેમ કતારમાં ઊભી હતી. મારો
વારો આવ્યો ત્યારે કાણા પર નજર ગઈ. ખૂબ મોડું લઈ ગયું હતું. કટોરો બદલવા જવા
માટે પૂરતો સમય ન હતો. ભગવાન ઊંચાઈ આપી રહ્યો હતો. કાણામાંથી બહાર વહી
જતી જોઈ રહી. કોઈ ઈલાજ નહોતો. ૪ ફૂટ અને ૧૧ ઈંચ પર અટકી ગઈ.

આજે ઘડપણમાં તેમાંથી પણ બે ઈંચ ઓછી થઈ ગઈ. હવે કહો આનો કોઈ ઈલાજ ખરો ?
અફસોસ કરી શો ફાયદો. આટલું બધું આપ્યું સર્જનહારે એક ઊંચાઈ માટે ફરિયાદ કરવાની?
તો મારા જેવી નગુણી સ્ત્રી કોઈ હોઈ ન શકે !

જીવનમાં શું પામ્યા અને શું ન મળ્યું તેનો હિસાબ માંડો. બાળપણમાં ,જમા અને ઉધાર' વિશે ભણ્યા હતા. જમા પાસુ જોરદાર છે. તો પછી નાની વાતો માટે અફસોસ કરવો યોગ્ય નથી ! કિંતુ માનવ સ્વભાવ છે ફરિયાદ કરવાનો. એ કદી સુધરવાનો નહી. નજીવી બાબત માટે ફરિયાદ કરી માથુ પકવવાનો. સહન શક્તિ નામની કોઈ આદત જ ન હોય.

જો જીવનમાં આવું વર્તન કરશો તો ન તમે સુખી થશો, ન તમારો પરિવાર ! તમારા બાળકોમાં કેવા સંસ્કારોનું સિંચન કરશો ? એક વાત બને તો સદા હૈયામાં કોતરી રાખજો, "ભાવશે, ચાલશે અને ફાવશે". પછી જીવનનો આખો નકશો બદલાઈ જશે. ઉમંગ ,ઉત્સાહનું વાતાવરણ ચારે તરફ જણાશે. પરિવારમાં શાંતિ અને પ્રેમનું સામ્રાજ્ય ફેલાશે.

આખરે જીવનમાં તમે શું ચાહો છો ? કદી વિચાર કર્યો છે ?
પ્રવિણા કડકિયા.હ્યુસ્ટન

# ગાંધીનગર જિલ્લાના સાદરા ગામે કેન્દ્રીય મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવની ઉપસ્થિતિમાં જનકલ્યાણ શિબિરનું આયોજન



કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવની ઉપસ્થિતિમાં ગાંધીનગર જિલ્લાના સાદરા ખાતે 'જનકલ્યાણ શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે નરેન્દ્રભાઈ મોદીના વડાપ્રધાનશ્રી તરીકેના ૧૨ વર્ષના શાસનકાળે દેશના નાગરિકોમાં 'વિકસિત ભારત'નો અડગ વિશ્વાસ જગાડ્યો છે.

કેન્દ્રીય વનમંત્રીએ ગાંધીનગરના સાંસદ અને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહના વૃક્ષારોપણ અભિયાનની પ્રશંસા કરી, ગ્લોબલ વૉર્મિંગ સામે ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું કે પ્રકૃતિનું ઋણ ચૂકવવા વડાપ્રધાનશ્રીના 'એક પેડ મા કે નામ' અભિયાન હેઠળ દરેક વ્યક્તિએ પોતાની માતાના નામે એક વૃક્ષ અવશ્ય વાવવું જોઈએ.

તેમણે વિવિધ સરકારી યોજનાઓની વિગતો આપતા કહ્યું કે ગરીબોને રૂ. ૧૦ લાખ સુધીનું આયુષ્માન સ્વાસ્થ્ય કવચ, બાળકો માટે 'નમો શ્રી યોજના', મહિલાઓ માટે 'પીએમ માતૃવંદના યોજના' અને આર્થિક સ્વનિર્ભરતા માટે 'લખપતિ દીદી યોજના' થકી સરકારે નાગરિકોને સક્ષમ બનાવ્યા છે.

વીજ કટોકટી સામે 'પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજના'થી નાગરિકોના વીજ બિલ શૂન્ય થશે. જ્યારે દેશના દરેક વર્ગ મહિલા, યુવા, કિસાન અને મજૂર સુધી સરકારી યોજનાઓ પહોંચશે, ત્યારે જ 'સૌનો સાથ, સૌનો વિકાસ'નો મંત્ર સાચા અર્થમાં ચરિતાર્થ થશે તેમ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વને ૧૨ વર્ષ પૂર્ણ થવાના અવસરે વિવિધ વિકાસ કાર્યોની ઝાંખી રજૂ કરી હતી.તથા 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત સૌ મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, જનકલ્યાણ શિબિર દરમિયાન કેન્દ્ર અને રાજ્ય સરકારના વિવિધ વિભાગોની ૧૫ જેટલી મહત્ત્વની યોજનાઓ હેઠળ સ્થળ પર જ અરજીઓ સ્વીકારવા સહિત જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. સાદરા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકોએ મોટી સંખ્યામાં આ શિબિરનો લાભ લીધો હતો.

આ જનકલ્યાણ શિબિરમાં રાજ્યસભાના પદનામિત સાંસદ રાજેશભાઈ શુક્લ, જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશભાઈ પટેલ, મહામંત્રી અજય બ્રહ્મભટ્ટ, જિલ્લા પ્રમુખ અનિલભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ મહોબ્બત ઠાકોર, તાલુકા ભાજપ પ્રમુખ નિયલભાઈ, જિલ્લા કલેક્ટર રવીન્દ્ર ખતાલે અને જિલ્લા વિકાસ અધિકારી ડૉ. જાસ્મીન હસરત ઉપસ્થિત રહ્યા હતા.

# શિક્ષણના નામે ઉઘાડી લૂંટ, પેપર લીક અને પરીક્ષા કૌભાંડો સામે ગુજરાતમાં યોજાશે 'છાત્ર-ગુંજ'

● શિક્ષણ વ્યવસ્થામાં આમૂલ પરિવર્તન લાવવા તથા વિદ્યાર્થીઓ-યુવાઓના અવાજને બુલંદ કરવા ગુજરાતમાં ×છાત્ર ગુંજ× કાર્યક્રમ યોજાશેઃ શ્રી અમિત ચાવડા

● ૨૨-૨૩ જૂને ગુજરાતના તમામ જિલ્લાઓમાં પ્રેસ કોન્ફરન્સ યોજી વિદ્યાર્થીઓના પ્રશ્નો, સૂચનો અને ફરિયાદોને વાચા અપાશે : શ્રી અમિત ચાવડા

● ૨૨ લાખ દ્ગઈઈ્ની તૈયારી કરતા વિદ્યાર્થીઓનો ખર્ચ રૂ. ૧.૩૨ લાખ કરોડ- દેશનું શિક્ષણ બજેટ ૧.૪૦ લાખ કરોડઃ શ્રી અમિત ચાવડા

● પેપરલીક, પરીક્ષા કૌભાંડોના કારણે લાખો વિદ્યાર્થીઓના સપનાઓ ચકનાચૂર, માનસિક તણાવ અને આત્મહત્યાના બનાવોમાં વધારો : કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું આપે : શ્રી અમિત ચાવડા

● મોદી સરકારના ૧૦ વર્ષમાં ૮૯ પેપરલીક અને ૪૮ પરીક્ષાઓ ફરી લેવાની નોબત આવીઃશ્રી અમિત ચાવડા

● દ્ગઈઈ્, ત્નઈઈ, ઁજીઝ, જીજીઝ સહિતની પરીક્ષાઓની તૈયારી પાછળ દેશના પરિવારોનો ખર્ચ શિક્ષણ બજેટ કરતાં ત્રણ ગણો વધારે : શ્રી અમિત ચાવડાગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિત ચાવડાએ આજે રાજીવ ગાંધી ભવન ખાતે યોજાયેલી પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે શિક્ષણ, રોજગાર અને યુવાનોના ભવિષ્ય સાથે સીધો સંબંધ ધરાવતા અત્યંત ગંભીર વિષય પર સમગ્ર ગુજરાત અને દેશનું ધ્યાન દોરવાની જરૂરિયાત ઊભી થઈ છે. આજે દેશભરમાં શિક્ષણ વ્યવસ્થા એક પ્રકારની ઉઘાડી લૂંટનું માધ્યમ બની ગઈ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે અને લાખો વિદ્યાર્થીઓ તથા વાલીઓ તેની સીધી અસર ભોગવી રહ્યા છે.છેલ્લા કેટલાક વર્ષોમાં દેશ અને ગુજરાતમાં વારંવાર પરીક્ષાઓના પેપરો લીક થવાના બનાવો સામે આવ્યા છે, જેના કારણે લાખો વિદ્યાર્થીઓની વર્ષોની મહેનત, વાલીઓના આર્થિક બલિદાન અને યુવાનોના સપનાઓ પર પાણી ફરી વળ્યું છે. માત્ર એક પરીક્ષા રદ થવી એ કોઈ વહીવટી ભૂલ નથી, પરંતુ સમગ્ર પરીક્ષા વ્યવસ્થાની નિષ્ફળતા અને તેમાં ચાલતા કૌભાંડોની સાબિતી છે.

તાજેતરમાં યોજાયેલી દ્ગઈઈ્ પરીક્ષામાં પણ પેપર લીકના ગંભીર આક્ષેપો સામે આવ્યા હતા. દેશભરમાં ૨૨ લાખથી વધુ વિદ્યાર્થીઓ અને ગુજરાતમાં ૮૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ આ પરીક્ષાની તૈયારી કરી રહ્યા હતા. અગાઉ પણ દ્ગઈઈ્ પરીક્ષા અનેક વખત વિવાદોમાં આવી ચૂકી છે. જ્યારે વારંવાર પેપર લીક થાય છે ત્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓનો સમગ્ર પરીક્ષા પદ્ધતિ પરથી વિશ્વાસ ડગમગી જાય છે.



મોદી સરકારના છેલ્લા દસ વર્ષ દરમિયાન અંદાજે ૮૯ જેટલા પેપર લીકના બનાવો સામે આવ્યા છે અને ૪૮ જેટલી પરીક્ષાઓ ફરીથી લેવાની ફરજ પડી છે. દ્ગઈઈ્ ઉપરાંત ઝ્રેંઈ, જીજીઝ, દ્ગઠ્ઠઇ, વ્યાપમ સહિતની અનેક પરીક્ષાઓમાં પણ કૌભાંડો અને ગેરરીતિઓના આક્ષેપો થયા છે. તેમ છતાં સરકાર દ્વારા કોઈ કાયમી અને અસરકારક ઉકેલ લાવવામાં આવ્યો નથી.ગુજરાતની સ્થિતિનો ઉલ્લેખ કરતાં શ્રી અમિત ચાવડાએ જણાવ્યું કે બિનસચિવાલય ક્લાર્ક, જુનિયર ક્લાર્ક, હેડ ક્લાર્ક, ફોરેસ્ટ ગાર્ડ સહિતની અનેક ભરતી પરીક્ષાઓના પેપરો લીક થયા, પરીક્ષાઓ રદ થઈ અને લાખો યુવાનોને રસ્તા પર ઉતરીને સંઘર્ષ કરવો પડ્યો. છતાં પરીક્ષા સંચાલન માટે જવાબદાર અધિકારીઓ અને તંત્ર સામે દાખલારૂપ કડક કાર્યવાહી જોવા મળતી નથી. દ્ગઈઈ્ પેપર લીક મામલે સમગ્ર દેશના વિદ્યાર્થીઓ શિક્ષણ પ્રધાનના રાજીનામાની માંગ કરી રહ્યા છે, પરંતુ કેન્દ્ર સરકાર અને વડાપ્રધાન દ્વારા કોઈ નૈતિક જવાબદારી સ્વીકારવામાં આવી નથી. આજે લાખો યુવાનો પોતાના ભવિષ્ય અંગે ચિંતિત છે અને સરકાર તેમની પીડા પ્રત્યે સંવેદનશીલ દેખાતી નથી.લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધી દેશભરના વિદ્યાર્થીઓ, વાલીઓ અને યુવાનોના પ્રશ્નો, પીડા અને આક્રોશનો અવાજ બન્યા છે. તેમણે રાજસ્થાનના કોટા ખાતે યોજાયેલા 'છાત્ર ગુંજ' કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ સ્થાપિત કર્યો અને પરીક્ષા પદ્ધતિ, શિક્ષણ વ્યવસ્થા તથા યુવાનોના ભવિષ્ય અંગે રાષ્ટ્રીય સ્તરે ચર્ચા શરૂ કરી. દ્ગઈઈ્ જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવતા ખર્ચનો અંદાજ જોતાં માત્ર દ્ગઈઈ્ પરીક્ષાની તૈયારી પાછળ જ આશરે રૂ. ૧.૩૨ લાખ કરોડ જેટલો ખર્ચ થાય છે.

## સોમા તળાવ વિસ્તારમાં કોર્પોરેશને ખાડાનું પુરાણ નહીં કરતા રહીશોનો હોબાળો



વડોદરા શહેરના સોમા તળાવ નજીકની વૈષ્ણવ પાર્ક સોસાયટીમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાણીની લાઈનના સમારકામ માટે ખોદવામાં આવેલો ખાડો છેલ્લા ૧૫ દિવસથી યથાવત રાખવામાં આવતા સ્થાનિક રહીશોએ હોબાળો મચાવ્યો હતો.

રહીશોએ એકત્ર થઈ વિરોધ પ્રદર્શન કરી તંત્ર સામે નારાજગી વ્યક્ત કરી હતી. સ્થાનિકોનું કહેવું છે કે, સોસાયટી વિસ્તારમાં પીવાના પાણીની લાઈનમાં ગટરના પાણી ભળવાની ફરિયાદો ઉઠી હતી. જેના પગલે મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમે ખોદકામ કરીને પાણીની લાઈનનું સમારકામ કર્યું હતું. સમારકામ બાદ સોસાયટીના આગળના વિસ્તારોમાં ચોખ્ખું પાણી મળવાનું શરૂ થતાં સમસ્યામાં આંશિક રાહત મળી છે. જોકે, સોસાયટીના પાછળના ભાગની ચાર લાઈનોમાં હજુ પણ પાણીની સમસ્યા યથાવત છે.

## પાનમ યોજના હેઠળ રૂ.૧૦૩૯.૫૪ કરોડની ચુકવણી મુદ્દે વિવાદ : દરખાસ્ત મુલતવી રાખવા માગ

વડોદરા મ્યુનિ. કોર્પોરેશનની સ્થાયી સમિતિની બેઠકમાં પાનમ યોજના અંતર્ગત રૂ.૧૦૩૯.૫૪ કરોડની રકમ સિંચાઈ વિભાગને ચૂકવવા અંગેની દરખાસ્તને મુલતવી રાખવા કોંગ્રેસના વોર્ડ નં.૧૫ના કાઉન્સિલરે સ્થાયી સમિતિના અધ્યક્ષને રજૂઆત કરી છે. રજૂઆતમાં જણાવાયું છે કે વડોદરા મ્યુનિ. કોર્પોરેશન દ્વારા અત્યાર સુધીમાં પાનમ યોજનાની ભાગીદારી હોવાથી સિંચાઈ વિભાગને રૂપિયા ૧૬૨૮.૧૪ લાખની ચૂકવણી કરવામાં આવી છે. છતાં વર્ષ ૧૯૯૮માં રાજ્ય સરકારે એકતરફી નિર્ણય કરીને વડોદરા મહાનગરપાલિકાને પાનમ યોજનાની ભાગીદારીમાંથી દૂર કરી હતી.



તે સમયે જવાબદાર હોદ્દેદારો દ્વારા આ નિર્ણયને હાઈકોર્ટમાં પડકાર્યો નથી.વર્ષો બાદ વ્યાજ સહિતનું મોટું બિલ મ્યુનિ. કોર્પોરેશનને ફટકારવામાં આવ્યું હોવા છતાં તંત્ર દ્વારા કોઈ કાયદાકીય કાર્યવાહી કરાઈ નથી. હાલ રૂ.૧૦૩૯.૫૪ કરોડની રકમ ૧૨ મહિનાના સમયગાળામાં ચૂકવવાની છે, જેમાં પ્રથમ હપ્તા તરીકે રૂપિયા ૨૦૦ કરોડ ચૂકવવાના રહેશે. ઉપરાંત, દર મહિને રૂ.૫ કરોડની ચૂકવણી પણ કરવી પડશે.

વધુમાં ઉમેર્યું કે મ્યુનિ. કોર્પોરેશનની વર્તમાન આર્થિક સ્થિતિને જોતા આટલું મોટું નાણાકીય ભારણ ઉઠાવવું મુશ્કેલ બનશે. જો આ રકમની ચૂકવણી થશે તો શહેરના વિકાસકામો પર તેની સીધી અસર પડશે. સાથે જ કર્મચારીઓના પગાર, કોન્ટ્રાક્ટરોને સમયસર ચૂકવણી અને કાઉન્સિલરો દ્વારા સૂચવાતા વિકાસકામો પણ પ્રભાવિત થઈ શકે છે.

રજૂઆતમાં માગ કરી છે કે પાનમ યોજનાની આ રકમ ચૂકવવાથી મ્યુનિ. કોર્પોરેશનના વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટ પર શું અસર પડશે તેની વિગતવાર આંકડાકીય માહિતી તૈયાર કરવામાં આવે અને સામાન્ય સભા તેમજ તમામ સભાસદો સમક્ષ રજૂ કરવામાં આવે. ત્યારબાદ જ આ દરખાસ્ત અંગે નિર્ણય લેવામાં આવે, જેથી હાલ માટે દરખાસ્તને મુલતવી રાખી પુનઃવિચારણા કરવામાં આવે તેવી માગ કરાઈ છે.

## નિમેટાથી વડોદરા સુધી પાણીની લાઈનના રૂટમાં ફેરફાર કરવાની દરખાસ્તથી વિવાદ



નિમેટા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટથી સરદાર એસ્ટેટ સુધી નવી પાણીની લાઈન નાખવાની કામગીરીમાં રૂટ બદલવાની દરખાસ્ત મુલતવી રાખવા કોંગ્રેસના વોર્ડ નંબર-૧૫ના કાઉન્સિલર આશિષ જોશીએ સ્થાયી સમિતિના અધ્યક્ષને રજૂઆત કરી છે. મૂળ આયોજન મુજબ નિમેટાથી નેશનલ હાઈવે બ્રિજ ક્રોસ કરીને આજવા ચોકડીથી સીધી પાણીની લાઈન લાવવાની હતી અને તે મુજબ મંજૂરી પણ આપવામાં આવી હતી. જોકે હવે આ રૂટમાં ફેરફાર કરીને નિમેટાથી સયાજીપુરા નેશનલ હાઈવે જંકશનથી હાઈવેને સમાંતર નવા અતિથિગૃહ સુધી અને ત્યાંથી ડભોઈ દશાલાડ ભવન થઈ સરદાર એસ્ટેટ સુધી લાઈન લઈ જવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. વધુમાં જણાવાયા મુજબ સીધી લાઈન લાવવાના બદલે લાઈનને લાંબા અને વળાંકવાળા માર્ગે લઈ જવામાં આવી રહી છે. નવા રૂટમાં ત્રણ સ્થળે ૯૦ ડિગ્રીના કાટખૂણા આવતા હોવાથી પાણીના પ્રવાહ પર અસર થવાની શક્યતા છે. વધુમાં આ ગ્રેવિટી આધારિત લાઈન હોવાથી રૂટ બદલાવના કારણે પૂર્વ વિસ્તારને પૂરતા પ્રમાણમાં પાણી મળી શકશે નહી તેવી આશંકા પણ વ્યક્ત કરી છે. આજવા ચોકડી બ્રિજ નીચેથી ત્રીજી લાઈન નાખવાની મંજૂરી મળી નથી તેથી આ પરિસ્થિતિ સર્જાઇ હોવાનું જાણવા મળે છે.

## હવે અકસ્માતના દસ્તાવેજો માટે પોલીસ સ્ટેશનના ધક્કા નહીં!:પીડિત પરિવાર અને ઇન્સ્યુરન્સ એજન્ટને FIR

રોડ અકસ્માતોનો ભોગ બનેલા પીડિતોના પરિવારોને વીમા ક્લેમ અને વળતર મેળવવામાં પડતી હાલાકીનો અંત લાવવા માટે ગુજરાત માહિતી આયોગે ઐતિહાસિક નિર્ણય કર્યો છે. હવે મોટર અકસ્માત દાવા ટ્રિબ્યુનલ (સ્છઝ્ર) સંબંધિત કેસોમાં પીડિત પરિવાર અથવા ઈન્સ્યુરન્સ કંપનીના અધિકૃત એજન્ટને હ્લૈંઇ, પંચનામું, હ્વજીન્ રિપોર્ટ અને પોસ્ટમોર્ટમ રિપોર્ટ સહિતના તમામ કાયદાકીય દસ્તાવેજો કોઈપણ ચાર્જ લીધા વિના 'વિનામૂલ્યે' ઉપલબ્ધ કરાવવા પોલીસ તંત્રને કડક આદેશ આપવામાં આવ્યા છે.




તાજેતરમાં એક ઈન્સ્યુરન્સ કંપનીના અધિકૃત એજન્ટ દ્વારા બે અલગ-અલગ અકસ્માત કેસોના જરૂરી દસ્તાવેજો મેળવવા માટે અરજી કરવામાં આવી હતી. જોકે, સંબંધિત પોલીસ સ્ટેશન અને સ્થાનિક કોર્ટ દ્વારા આ માહિતી આપવાનો ઈનકાર કરાતાં મામલો આખરે રાજ્ય માહિતી આયોગ સુધી પહોંચ્યો હતો. આ કેસની સુનાવણી દરમિયાન આયોગે ગંભીર નોંધ લીધી હતી કે એમ.એ.સી.ટી. એક્ટ (સુધારા)-૨૦૨૨ અને સુપ્રીમ કોર્ટના અગાઉના કડક નિર્દેશો અનુસાર, અકસ્માત સંબંધિત તમામ માહિતી નિર્ધારિત સમયમર્યાદામાં અરજદારોને આપવી કાયદેસર રીતે ફરજિયાત છે.આયોગે સ્પષ્ટ કર્યું છે કે અકસ્માતમાં ભોગ બનનાર વ્યક્તિ, મૃત્યુના કિસ્સામાં તેમના કાયદેસરના વારસદારો તેમજ વીમા કંપનીના અધિકૃત પ્રતિનિધિને આ તમામ દસ્તાવેજો નિઃશુલ્ક આપવાની જવાબદારી પોલીસની જ છે. આ માટે નાગરિકોને માહિતી અધિકાર (ઇ્ૈં) હેઠળ અલગથી ધક્કા ખાવા ન પડે તેવી પૂર્વવ્યવસ્થા ગોઠવવા સૂચવાયું છે. આ અંગે આયોગે રાજ્યના મુખ્ય પોલીસ અધિકારી અને પોલીસ મહાનિદેશક (ડ્ઢય્)ને ખાસ પરિપત્ર બહાર પાડીને રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોમાં આ નિયમનું ૧૦૦% કડક પાલન થાય તેવી સિસ્ટમ ગોઠવવા આદેશ કર્યો છે.અકસ્માત જેવા કપરા સમયે પરિવારોને વળતર મેળવવા માટે પોલીસ સ્ટેશન કે કોર્ટના ચક્કર કાપવામાંથી કાયમી મુક્તિ મળશે. દસ્તાવેજો સમયસર અને મફત મળવાને કારણે વીમા ક્લેમ મંજૂર થવાની પ્રક્રિયા અત્યંત ઝડપી અને પારદર્શક બનશે.

## ગાંધીનગર મહાનગરપાલિકા સામે જનઆક્રોશ:કોલવડાના રહીશોએ રોડ-ગટર ઠપ્પ થતાં મ્યુનિ. કમિશનર કચેરી ગજવી, પ્રાથમિક સુવિધાઓથી વંચિત રાખવામાં આવતા રોષ

ગાંધીનગર મહાનગરપાલિકાના શાસકો અને ભ્રષ્ટ વહીવટી તંત્રના કારણે કોલવડા ગામનો પાટીદાર વિસ્તાર જાણે નરક બની ગયો છે. તંત્રના ઘોર ભેદભાવ, પક્ષપાત અને આળસુ નીતિથી કંટાળીને આજે રોષે ભરાયેલા સ્થાનિકોએ મહાનગરપાલિકા કચેરી ખાતે હલ્લાબોલ કર્યો હતો. મ્યુનિસિપલ કમિશનરની ચેમ્બર સુધી પહોંચેલા સ્થાનિકોના આક્રોશથી કોર્પોરેશન ધ્રૂજી ઉઠ્યું હતું. સ્થાનિકોએ વહીવટી તંત્રની નિષ્ફળતાના લીરેલીરા ઉડાડતું આવેદનપત્ર પાઠવીને આકરા પ્રહારો કર્યા હતા. ગાંધીનગર મહાનગરપાલિકાના વહીવટી તંત્ર સામે કોલવડા ગામના પાટીદાર વિસ્તારના રહીશોનો પિત્તો ગયો છે. લાંબા સમયથી પાયાની સુવિધાઓ માટે વલખાં મારતા સ્થાનિકોએ આજે મહાનગરપાલિકા કચેરી ખાતે મોરચો માંડીને ઉગ્ર હલ્લાબોલ કર્યો હતો. મ્યુનિસિપલ કમિશનર, ડેપ્યુટી કમિશનરથી લઈને સ્થાનિક કોર્પોરેટરો સુધી વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્રના પેટનું પાણી ન હલતાં આજે સ્થાનિકોએ



હલ્લાબોલ કરી કમિશનરને રૂબરૂ મળીને આવેદનપત્ર આપી ચીમકી આપી હતી કે, જો ટૂંક સમયમાં પ્રશ્નો ન ઉકેલાયા તો ઉગ્ર આંદોલન છેડવામાં આવશે.ગાંધીનગરના કોલવડા ગામના પાટીદાર વિસ્તારના સ્થાનિકોના જણાવ્યા અનુસાર, સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે કોલવડા ગામ સાથે વહીવટી તંત્ર ઘોર પક્ષપાત અને ભેદભાવ રાખી રહ્યું છે. શ્રીનાથ સોસાયટી, અંબિકાનગર અને ઉમિયાનગર જેવા વિસ્તારોમાં મુખ્ય રોડ કનેક્ટિવિટીના કામો અધવચ્ચે જ લટકાવી દેવાયા છે. સૌથી ગંભીર સ્થિતિ ગટર વ્યવસ્થાની છે. નવી નાખવામાં આવેલી ડ્રેનેજ લાઈનની કામગીરી લેવલ વગર કરાતાં ગટરના ગંદા પાણી આગળ જવાને બદલે ઘરોમાં બેક મારી રહ્યા છે.

પરિણામે લોકોના રસોડા સુધી ગટરની અસહ્ય દુર્ગંધ પહોંચી રહી છે. જે મોટા રોગચાળાને ખુલ્લું આમંત્રણ આપી રહી છે. કોલવડાના બારીવાળો વાસ, નવો માઢ, જૂનો માઢ, અને બાલાભાના વાસ જેવા ગીચ વિસ્તારોમાં પીવાના શુદ્ધ પાણીની ગંભીર કટોકટી હોવાના પણ સ્થાનિકોએ આક્ષેપો કર્યા છે. સ્માર્ટ સિટીના આ ગામમાં રાત્રે અંધારપટ છવાઈ જાય છે. કારણ કે સ્ટ્રીટ લાઈટો સાવ ડીમ હોવાથી રસ્તાઓ દેખાતા નથી. આ સ્થિતિનો લાભ ઉઠાવીને સ્થાનિક વિસ્તારમાં ચોરી અને અકસ્માતોનો ગ્રાફ વધી રહ્યો છે.

તદુપરાંત વર્ષો જૂના જર્જરિત વીજ વાયરોને કારણે વારંવાર પાવર ગુલ થઈ જાય છે. જેને અંડરગ્રાઉન્ડ કરવાની માંગ લાંબા સમયથી વણઉકેલાયેલી છે.

## સુરત પાલિકાની શાળામાં રામાયણ-ગીતા થકી વિદ્યાર્થીઓમાં જીવન મૂલ્યોનું સિંચન કરવાનો પ્રયાસ

આજના ડિજિટલ યુગમાં જ્યાં બાળકોનો મોટાભાગનો સમય મોબાઇલ અને સોશિયલ મીડિયા વચ્ચે પસાર થઈ રહ્યો છે, ત્યારે સુરત મહાનગરપાલિકા સંચાલિત એક શાળાએ શિક્ષણ સાથે સંસ્કારનું સિંચન કરવાનો અનોખો પ્રયાસ કર્યો છે. વરિયાવ પ્રાથમિક શાળામાં ધોરણ-૮ના વિદ્યાર્થીઓને ગત વર્ષે વિદ્યાર્થીઓને ભગવદ્ ગીતા અર્પણ કરવામાં આવી હતી, જ્યારે આ વર્ષે ધોરણ-૮ના વિદ્યાર્થીઓને વાલ્મિકી કૃત રામાયણ પુસ્તિકાનું વિતરણ કરીને ભારતીય સંસ્કૃતિના મૂળભૂત મૂલ્યો સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.સુરત મહાનગરપાલિકાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત કવિશ્રી રમેશ પારેખ પ્રાથમિક શાળા ક્રમાંક-૩૧૬, તાડવાડી-વરિયાવ ખાતે બાળકોન અક્ષર જ્ઞાન આપવા સાથે સંસ્કારનું સિંચન કરવાનો અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સુરતના એક દાતાના સહયોગથી ધોરણ-૮માં અભ્યાસ કરતા આશરે ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓને વાલ્મિકી કૃત રામાયણનું પુસ્તક આપવામાં આવ્યું હતું. શાળા દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે છેલ્લા કેટલાક વર્ષોથી વિશેષ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેના ભાગરૂપે ગત વર્ષે ધોરણ-૮ના વિદ્યાર્થીઓને ભગવદ્ ગીતા અર્પણ કરવામાં આવી હતી. ગીતા દ્વારા કર્મયોગ, કર્તવ્યનિષ્ઠા અને જીવનના મૂલ્યોનો સંદેશ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ પરંપરાને આગળ વધારતાં આ વર્ષે રામાયણ પુસ્તિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેથી વિદ્યાર્થીઓ ભગવાન શ્રીરામના આદર્શ જીવન, માતા-પિતાની સેવા, સત્યનિષ્ઠા, વચનપાલન, ત્યાગ અને આદર્શ માનવ જીવનના મૂલ્યોને સમજી શકે તેવો હેતુ હોવાનું શાળાના શિક્ષકોએ જણાવ્યું હતું.કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને રામાયણના આધ્યાત્મિક, નૈતિક અને સાંસ્કૃતિક મહત્વ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. વક્તાઓએ જણાવ્યું હતું કે રામાયણ માત્ર ધાર્મિક ગ્રંથ નથી, પરંતુ જીવન જીવવાની કળા શીખવતો એક મહાન ગ્રંથ છે. તેમાં દર્શાવવામાં આવેલા આદર્શો આજના સમયમાં પણ એટલા જ પ્રાસંગિક છે. વિદ્યાર્થીઓ જો બાળપણથી આવા ગ્રંથોનું વાંચન કરશે તો તેમના વ્યક્તિત્વમાં સકારાત્મક પરિવર્તન આવશે અને તેઓ એક જવાબદાર તથા સંસ્કારી નાગરિક બની શકશે. શાળાના શિક્ષકોએ જણાવ્યું હતું કે શિક્ષણનો હેતુ માત્ર પરીક્ષામાં સારા ગુણ મેળવવાનો નથી, પરંતુ સારા મનુષ્યનું ઘડતર કરવાનો પણ છે. રામાયણ અને ગીતા જેવા ગ્રંથો વિદ્યાર્થીઓમાં સંવેદના, શિસ્ત, કર્તવ્યનિષ્ઠા, વડીલો પ્રત્યે આદર અને સમાજ પ્રત્યેની જવાબદારીની ભાવના વિકસાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેથી જ શાળા દ્વારા શિક્ષણની સાથે સંસ્કારના સિંચન માટે આવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓને નિયમિત વાંચન કરવાની તથા ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારો સાથે જોડાયેલા રહેવાની પ્રેરણા આપી હતી.

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat